NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2011

# GUJARATI FIRST ADDITIONAL LANGUAGE: PAPER II

Time: 2 hours | 70 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 5 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. In your own interest write legibly and present your work neatly.

---

IEB Copyright © 2011

## પ્રશ્ન–૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો (કોઈ પણ પાંચ)

૧.૧ ગાંધીજી શું જોઇને સમસમી ઊઠયા ?

૧.૨ ગરીબ સ્ત્રી ગંદા કપડાં શાથી પહેરતી હતી ?

૧.૩ મોચીની પ્રામાણિકતાનો બદલો વાળવા
સાધુએ શું કર્યું ?

૧.૪ સાધુએ મોચીને પોતાના ગુરુ કેમ ગણ્યાં ?

૧.૫ મોચી ભગતનો પરિચય તમારા શબ્દોમાં આપો.

૧.૬ ગાંધીજીએ શી પ્રતિજ્ઞા કરી ?

**[15]**

## પ્રશ્ન–૨ વ્યાકરણ

### ૨.૧ નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દો લખો (કોઈ પણ બે)

૨.૧.૧. ખુશ
૨.૧.૨. ફિકર
૨.૧.૩. પ્રામાણિક (2)

### ૨.૨ નીચે આપેલા શબ્દોના સામાનાર્થી લખો. (કોઈ પણ બે)

૨.૨.૧. વિશ્વાસ
૨.૨.૨. દુનિયા
૨.૨.૩. પગરખાં (2)

IEB Copyright © 2011

૨.૩ નીચે આપેલા શબ્દો માટે એક શબ્દ લખો. (કોઈપણ બે)

૨.૩.૧. પગનું રક્ષણ કરનાર
૨.૩.૨. લોકમાન્યતા મુજબ સ્પર્શ માત્રથી લોઢાને સોનામાં બદલી નાંખનાર
૨.૩.૩. બીજા દેશની વસ્તુ (2)

૨.૪ નીચેના શબ્દોની લિંગ બદલો. (કોઈપણ બે)

૨.૪.૧. સાધુ
૨.૪.૨. દેવ
૨.૪.૩. બાપુજી (2)

૨.૫ નીચેના વાક્યોમાં કૌંસમા આપેલા ક્રિયાપદનુ યોગ્યરૂપ લખો. (કોઈપણ બે)

૨.૫.૧. આજેતો ઇ-મેલનો જમાનો....... (છે,છો,છું)
૨.૫.૨. આપણા નેશનના પિતા શ્રી નેલ્સનમંડેલાની તબિયત ખૂબ લથડી..... (ગઈ,ગયા,ગયું)
૨.૫.૩. ક્રિકેટ મેચમાં ભારે વરસાદ....... (પડયો.પડવુ.પડી) (2)

૨.૬ નીચે આપેલા રૂઢીપ્રયોગોને તેના સાચા અર્થ સાથે જોડો.

| અ | બ |
|---|---|
| ૨.૬.૧ જીવ બાળવો | ક.જીવન નિર્વાહ ચલાવવો |
| ૨.૬.૨ પૈસા બનાવવા | ખ.જિંદગી નકામી લાગે એટલી હદે કોઇને નુકસાન પહોંચાડવુ. |
| ૨.૬.૩ અવતાર બગાડવો | ગ.ખૂબ કમાવવું |
| ૨.૬.૪ પેટનો ખાડો પૂરવો | ઘ.દુઃખી થવું |

(4)

૨.૭ નીચે આપેલા શબ્દોનું યોગ્ય વચનનું રૂપ લખો.

૨.૭.૧ પ્રદેશ

૨.૭.૨ ઝૂંપડી (2)

૨.૮ નીચે આપેલા સુવિચારો તમારા શબ્દોમાં સમજાવો.
(ત્રણથી ચાર લીટી)

જનસેવા એ જ પ્રભુસેવા

અથવા

અનુભવ શ્રેષ્ઠ શિક્ષક છે (4)

**[20]**

પ્રશ્ન- ૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ ચારનાં જવાબ લખો.
('ભગવાનની નિર્ધનતા' પાઠ માંથી)

૩.૧ પ્રભુને ગુણની કદર નથી એમ નારદ શાથી કહે છે ?

૩.૨ રંકા પોતે શું કામ કરતો હતો ?

૩.૩ લોકો પર પતિ-પત્નીની કેવી છાપ હતી ?

૩.૪ ભગવાન પોતાને નિર્ધન શાથી કહે છે ?

૩.૫ નારદ ભગવાનને સધન શાથી કહે છે ?

૩.૬ રંકા વંકાને નારદ મદદ કરવા ગયા તેનુ શું પરિણામ આવ્યું ?

**[10]**

IEB Copyright © 2011

પ્રશ્ન-૪ નીચે આપેલા કોઈ પણ <u>બે</u> પદ્યને તમારા શબ્દોમા આઠ થી દસ વાકયોમાં સમજાવો.

૪.૧ ચકમક લોઢું ઘસતાં ઘસતાં ખર્ચી જિંદગી સારી ,
જામગરીમાં તણખો ન પડયો,ન ફળી મહેનત મારી,
મહાનલ એક જ દે ચિનગારી.
ચાંદો સળગ્યો સૂરજ સળગ્યો, સળગી આભ અટારી,
ના સળગી એક સગડી મારી,વાત વિપતની ભારી,
મહાનલ એક જ દે ચિનગારી.

૪.૨ બોલમા, બોલમા, બોલમારે;
રાધાકૃષ્ણ વિના બીજું બોલમા.
સાકર શેરડીનો સ્વાદ તજીને, કડવો લીમડો ઘોળમારે;
રાધાકૃષ્ણ વિના બીજું બોલમા.
ચાંદા સૂરજનું તેજ તજીને, આગિયા સંગાથે પ્રીત જોડમારે;
રાધાકૃષ્ણ વિના બીજું બોલમા.

૪.૩ સાગરને તીર એક ટટળ ટિટોડી
ચીરી આકાશ એની ઊઠે છે ચીસ,
"સાગર ગોઝારા હો, ઈંડા મારાં દે"
ટટળી કળેળટી કાઢે છે રીસ.
મસ્તીના ઘેનમાં ગાજે મેરામણો,
"છો ને ટિટોડી પેલી ટટળી મરે
ડુંગર શાં જહાજ મેં કૈં કૈં ડુબાવિયાં,
ઈંડા ભૂંડા તારાં પાછા ફરે" ! (20)

૪.૪ નીચે આપેલ પંકિત તમારા શબ્દોમાં સમજાવો.
(સાતથી આઠ લીટી)

મિત્ર એવો શોધવો, ઢાલ સરીખો હોય;
સુખમાં પાછળ પડી રહે, દુખમાં આગળ હોય.

અથવા

કોયલ નવ દે કોઇને, હરે ન કો'ન કાગ;
મીઠાં વચનથી સર્વનો, લે કોયલ અનુરાગ. (5)

**[25]**

**Total: 70 marks**

IEB Copyright © 2011